Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

# Shree Atmanand Prakash



सर्वेणापि मनुष्येण साधुना गृहिणाऽथवा ।
रागद्वेषतनूकारे यतितव्यं सुखैषिणा ॥

* સાધુ હોય કે ગૃહસ્થ બધાએ રાગ–દ્વેષને પાતળા પાડવા પ્રયત્નશીલ થવું ઘટે. કેમકે સુખની પ્રાપ્તિ એમાં જ રહેલી છે.

* Every person whether he be a monk or a householder, should strive to thin his illusory attachment and hatred, if he wishes to be happy.


| | | |
|---|---|---|
| પુસ્તક : ૯૪<br>卐<br>અંક : ૩/૪ | પોષ-મહા<br>卐<br>જાન્યુઆરી–ફેબ્રુઆરી-૯૭ | આત્મ સંવત : ૧૦૧<br>વીર સંવત : ૨૫૨૩<br>વિક્રમ સંવત ૨૦૫૩ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | ઘોર અંધારી રે | — | ૯ |
| (૨) | જાગતાં રે'જો ? | પૂ આ. ભ શ્રી વિજય મહિમાપ્રભસૂરિશ્વરજી મ. સા. | ૧૦ |
| (૩) | શ્રદ્ધા અને મંત્રની તાકાત | — | ૧૪ |
| (૪) | સાભાર સ્વીકાર | — | ૧૭ |
| (૫) | "ગેબી મારગાયગ થઇ ગયો !" | પૂ. આ. શ્રી ઇન્દ્રદિન્નસૂરિજી મ.સા. | ૧૯ |
| (૬) | સુવર્ણ અવસર | — | ૨૧ |
| (૭) | આ દુનિયામાં તે જ માનવી મહાન છે કે જે બીજા માટે ઘસાય છે. | મહેન્દ્ર પુનાતર | ૨૩ |


### આ સભાના નવા આજીવન સભ્યશ્રીઓ

**શ્રી કિરીટકુમાર હીરલાલ શાહ–ભાવનગર**
**શ્રી દિલીપકુમાર રસીકલાલ શેઠ–ભાવનગર**
**શ્રી ઇન્દ્રવદનભાઇ બાબુલાલ ઝવેરી–ભાવનગર**
**શ્રી ખાંતિલાલ રતિલાલ શાહ-ભાવનગર**
**શ્રી ચેતનકુમાર મનસુખલાલ દોશી–ભાવનગર**
**શ્રી વિરેન્દ્રકુમાર પૂનમચંદ શાહ-ભાવનગર**
**શ્રી કિશોરકુમાર શાંતિલાલ સંઘવી–ભાવનગર**
**શ્રી પ્રકાશકુમાર શાંતિલાલ શાહ–ભાવનગર**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : **શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ**




## ઘોર અંધારી રે

ઘોર અંધારી રે, રાતલડીમાં સપના દીઠાં ચાર
પહેલે સપને રે, દીઠા મેં તો પાવાપુરી ધામ
આવજો આવજો રે, સાથે મળી સહુ પાવાપુરી ધામ
દિવાળી કરશું રે, સાથે મળી સહુ પાવાપુરી ધામ
ભેટવા આવજો રે, પાવાપુરીમાં મહાવીરસ્વામી ભગવાન.... ઘોર ૧

બીજા સપને રે, દીઠા મેં તો સિદ્ધાચલજી ધામ
આવજો આવજો રે, સાથે મળી સહુ સિદ્ધાચલજી ધામ
નવ્વાણું કરશું રે, સાથે મળી સહુ સિદ્ધાચલજી ધામ
ભેટવા આવજો રે, સિદ્ધાચલજીમાં આદેશ્વર ભગવાન....ઘોર ૨

ત્રીજે સપને રે, દીઠા , મેં તો શંખેશ્વરજી ધામ
આવજો આવજો રે, સાથે મળી સહુ શંખેશ્વરજી ધામ
અઠ્ઠમ કરશું રે, સાથે મળી સહુ શંખેશ્વરજી ધામ
ભેટવા આવજો રે, શંખેશ્વરમાં પાર્શ્વનાથ ભગવાન....ઘોર ૩

ચોથે સપને રે, દીઠા મેં તો ગિરનારજી ધામ
આવજો આવજો રે. સાથે મળી સહુ ગિરનારજી ધામ
જાત્રા કરશું રે, સાથે મળી સહુ ગિરનારજી ધામ
ભેટવા આવજો રે, ગિરનારજીમાં નેમિનાથ ભગવાન....ઘોર ૪



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જાગતાં રે'જો ?

-: લેખક :-

**પૂ. આચાર્ય ભગવંતશ્રી વિજયમહિમાપ્રભસૂરીશ્વરજી મ.સા.**

દેહનો થાક ઉતારવા માનવ ઉંઘે છે; પરંતુ જો ઘરમાં સાપ સંતાયો હોય તો, ઉંઘવા છતાં ઉંઘ ન આવે મનમાં ભયનો ગભરાટ કે મગજમાં ભાર હોય તો ઉંઘ નથી આવતી. માનવી જેટલો સાપથી ડરે છે, તેટલો પાપથી નથી ડરતો.

મદ-મોહ-માયા વગેરેના સાપો માનવને પળે પળે ડસી રહ્યા છે. અંતરના ઓરડે પાપના સાપો ગુંચળા વાળીને બેઠા છે. છતાંય એ સાપોને હટાવવાનો વિચાર જાગે છે ખરો ? શાંતિથી ઉંઘવા પાપના સાપો દૂર કરી નિર્ભય બનવું જોઇએ. આવી નિર્ભયતા કેળવવા ચિત્તસમાધિ મેળવવી જોઇએ.

જ્યાં સુધી ઘરમાં સાપ છુપાયેલો હોય, ત્યાં સુધી સ્વસ્થતા ન રહે. સ્વસ્થતા વિના ઉંઘ ન આવે. આ સ્વસ્થતા લાવવા પાપ કયારે જાય ! અને કઇ રીતે જાય! તેનો વિચાર કરીએ છીએ. એ જ રીતે આત્મામા અડ્ડો જમાવી પડેલા કામ લોભાદિના પાપો કયારે જાય ? અને કઇ રીતે જાય ! જેથી ચિત્તની સ્વસ્થતા મળે અને નિર્ભયતાથી નિદ્રા આવે. એ માટે આજનો વિષય રાખ્યો છે કે ''જાગતાં રે'જો !''

**જાગે સો પાવે** : ઓરડામાંથી સાપ ન જાય, ત્યાં સુધી આપણે જાગતાં રહીએ છીએ. તેમ અંતરમાંથી પાપ ન જાય, ત્યાં સુધી જાગૃત રહેવું જોઇએ. આ જાગૃત દશા કેમ આવે; તે માટે સતત તકેદારીની ખાસ અગત્યતા છે. હું અને મારૂં આ બેમાં મુરઝાઈ જવાથી અંતરના પાપો પીછાની શકાતાં નથી. મારા-તારાની યોગે અનેકવિધ પાપાચરણો સેવાતા જાય છે. જેના પરિણામે હિતાહિતનો પણ ખ્યાલ ભૂલી જવાય છે.

આજે આપણુ જીવનમાત્ર એક દુઃખ, એક વ્યથા, એક તરફડાટ સમું બની ગયેલ છે. વાસનાની ભઠ્ઠીમાં સપડાઇ જઇ અંગે અંગમાં કામ અને લોભની અગન વ્યાપી ગઇ છે. છતાં હજી ઘોરનિદ્રામાં પોઢયા હોઇએ તેમ જણાય છે. કુંભકર્ણ તો નગારા વાગતાં છ માસે પણ જાગતો. જ્યારે આપણે તો બાર બાર વર્ષ સુધી પડઘમ વાગે છતાં જાગે તે બીજા, કેમ ખરૂંને ?

" જાગે સો પાવે ઔર ઉંઘે સો ખોવે " જાગતો મેળવે છે. ઉંઘતો ગુમાવે છે. આપણે મેળવવા આવ્યા છીએ નહિ કે ગુમાવવા. સંસારના ચોકમાં મરજીવા બનતાં અંતરના ચોકાનું કાસળ નીકળી જાય, તો ગુમાવ્યું ગણવું કે મેળવ્યું? ચામડાની આંખે જાગતા રહી, અંતરદૃષ્ટિથી ઉંઘતા રહી આપણા જ હાથે ભારતીય પ્રસ્થાપિત અહિંસા, સંયમ અને તપ, રૂપ ધર્મનું ખંડન થઈ જાય, તો આના જેવી બીજી કઇ કમનસીબી ગણવી?

એટલું જરૂર યાદ રાખજો ! કે " જો જીવન મંદિરમાંથી મંગલમય અને સર્વજન હિતકારી એવું ધર્મતત્વ ચાલ્યું જશે, તો એ જ માનવ-મંદિર અલ્પજીવી, નિર્માલ્ય અને ક્ષુદ્ર માળખાનું કલેવર બની જશે, કે જ્યાં અનેક દુર્ગુણની ભુતાવળો ભમતી હશે. " આવું ન બને એ માટે અંતરદૃષ્ટિને ખોલો ! અને આત્મજીવન તપાસો !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જરીયાન ચાદર નીચે બીછાયેલા ગુલાબના પુષ્પો પ્રથમ દૃષ્ટિએ સોહામણા દેખાય; પરંતુ નિશ્ચય કરતાં એ જ પુષ્પો કાગળના કે માટીના નીકળે તો ? તેમ આસક્તિના અંચળા નીચે છૂપાયેલા ભૌતિક સુખો પ્રથમ અનુભવે મીઠા-મધુર કે અમૃત સમા લાગે છે; પરંતુ અનુભવના અંતે એ જ સુખો કડવા ઝેર જેવા અને પશ્ચાતાપની આગથી બાળનારા ન બને તેની સાવચેતી રાખજો.

આ જ શબ્દો પ્રભુ મહાવીરે વિષવમતાં ચંડકૌશિક સર્પને જણાવ્યા હતાં. "બુઝ! બુઝ! ચંડકૌશિક!" હે ચંડકૌશિક! જરા સમજ! જરા સમજ! ક્રોધ-માન-માયા અને લોભ આ ચાર વિષકુંડો છે. આ વિષકુંડમાંથી બહાર આવ! આંતરદૃષ્ટિ ખોલ! આત્માને જગાડ! તારા માન રૂપ અહં-મમને નમ્રતાથી નાશ કરી, પ્રકૃતિને મૃદુ અને કરૂણ બનાવ! સંતોષના શસ્ત્રથી લોભને હણી, જીવન સંતોષી અને ઉદાર બનાવ! સરલતાથી માયાને નિમૂ`લ કરી, સ્વભાવ નમ્ર અને નિર્મળ બનાવ અને ઉપશાંત રસથી ક્રોધને દૂર કરી, આત્માને શાંત અને સૌમ્ય બનાવ! જેથી તારું જીવનમંદિર સોહામણું અને સુખથી સભર બને

આવા ઉદ્બોધનથી સર્પ જેવા પ્રાણીએ પણ અંતરનો અંધકાર હટાવી, દિવ્ય કિરણ મેળવી, વિષને સ્થાને અમૃત વર્ષાવી, મૈત્રી પ્રેમ અને સહાનુભૂતિનું સિંચન કરી, જીવન મંગલમય બનાવી ગયો. તો શું આપણે સર્પથી પણ નીચે છીએ, કે હજી પણ અંતરના અંધારા ઉલેચાતા નથી અને આત્માનું તેજ કિરણ લાધતું નથી. તથા જીવનનો અંત શામા છે, તેનો નક્કર ખ્યાલ આવતો નથી, જીવનને મંગલ-સુખી અને શાંતિમય બનાવવું હોય તો બહારની દૃષ્ટિ બંધ કરો? અને અંતરદૃષ્ટિને ખુલી-જાગૃત કરો?

આપણે ચામડાની આંખે ભલે દેખતાં હોઇએ; પણ અંતરની આંખ ખોવાઈ ગઇ, તો દેખાતી આંખો આપણી પાસે અનેક અનાચાર કરાવશે. જેથી શાંત-સુખી અને મંગલતત્વથી ભરેલ આપણો જીવનમાર્ગ દુઃખ-ઉદ્વેગ અને હતાશાના ઝંઝાવાતોથી ઘેરાઇ જશે.

આંખો મળી છતાં એ જ આંખો પાપ કરાવે તો દેખતાં કરતાં અંધાપો સારો છે, કે "જેથી દેખવું નહિ અને દાઝવું નહિ." આંધળો અથડાય તો તેના પર દયા-કરૂણા આવે; પરંતુ દેખાતો ભટકાય તો તેના કેવી કરૂણતા છવાઈ જાય, આંધળો અથડાય તો દોરી શકાય દેખતો અથડાઈ તો કંઇ રીતે દોરી શકાય.

## અવિવેક ત્યાં અંધારું :

એક વખત એક વૃદ્ધ કથા શ્રવણ કરવા જતા હતા સામે એક યુવક ચાલ્યો આવતો હતો. રાત્રિનો સમય હતો. વૃદ્ધ આંખે અંધ હતા. છતાં હાથમાં ફાનસ જેતાં, યુવકે આશ્ચર્યથી પૂછ્યું. દાદા? આંખે તો દેખતા નથી. પછી હાથમાં ફાનસ રાખવાનું કારણ શું? જ્યાં દૃષ્ટિ જ નથી, પછી ફાનસ રાખો તોય ભલે અને ન રાખો તો પણ ભલે. કારણ આંખમાં જ તેજ નથી પછી બહારના તેજથી ફાયદો શો? દાદા! તમારે અંધારું કે અજવાળું સરખું જ છે.

વૃદ્ધે સસ્મિત કહ્યું, ભાઈ તારી વાત સત્ય છે. હું તો અંધ છું, જેથી મારે માટે ફાનસ નિરર્થક છે; પરંતુ ભાઇ! તમારા જેવા દેખતાં મારા જેવા અંધ સાથે ન અથડાય, એ માટે આ ફાનસ રાખ્યું છે. હું તો દેખતો નથી, જેથી સાવચેતીથી ચાલીશ; પરંતુ તમારા જેવા દેખતાં જ આંધળીયા હોટ દે છે, જેથી મારા જેવાને ભટકાઇ મરવાનો ભય રહે છે.

આંખનો હેતું આપણને પડતા બચાવવાનો છે. દૃષ્ટિ મળી છતાં પતનમાંથી ન બચાવે, વાસનામાંથી ન છોડાવે, બદીઓથી ન રોકે તથા વિષય-વિકાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માંથી ઉગારી ન લે, તો એ દૃષ્ટિ નથી, પણ અંધતા છે. દૃષ્ટિ એ કહેવાય કે જે આપણા આહાર વિહાર અને આચાર સુધારે.

આજે તો આપણને આંખો મળી છતાં અંધારામાં જ આથડીએ છીએ, ધોળે દિવસે હાથમાં દીવો લઇને કુવામાં પડવા જેવી દશામાં છીએ, વિષય-કષાયને આધિન બની. કઈ દિશામાં જઇ રહ્યા છીએ કે વિવેકહીન બની કયાં પાપના પતનમાં ગબડી રહ્યા છીએ. તેનું પણ ભાન નથી. આવા વિષય-કષાયના ખાડા-ટેકરામાં અથડાતાં-કૂટાતાં માનવને દેખતો કહેવો કે અંધ? જાગતો કહેવો કે ઉંઘતો ?

માનવ ઘી જેવી વસ્તુ ખરીદતાં સુંઘે છે, કે ઘી બનાવટી તો નથી ને? કેરી લેતાં તે ખાટી તો નથી ને ? આમ હરકોઈ ચીજ ખરીદતાં કે લેતાં તેને સુંઘી-ચકાસી અને ટકોરા મારીને ખરીદે છે, પરંતુ આપણી પાસે પૈસો કઇ રીતે આવે છે, એની ચકાસણી કરતાં નથી. એ તો ગમે ત્યાંથી, ગમે તે રીતે કે ગમે તેટલો આવે તેનો વાંધો નથી.

વસ્તુત: કોઇ ચીજ લેતાં પરીક્ષા કરતાં શીખો! એક એક પૈસો જે આપણા ઘરમાં આવે છે, તે ન્યાય નીતિ કે પ્રમાણિકતાપૂર્વકનો આવે છે કે કેમ! એની ચકાસણી કરો! પરંતુ આ ટેવ આપણને પડી નથી ગમે તે રીતે કે ગમે ત્યાંથી આવે કે ટપ દઇને પાકીટમાં મુકી દઇશું. પછી ભલેને તેની પાછળ દંભ, પ્રપંચ, લુંટ કે શઠતા ચલાવી હોય. આ રીતે કામ અને દામ પાછળ પાગલ બની અહિંસા, સત્ય અને સંયમને નેવે મૂકી, આત્મગુણનું છડે ચોક લિલામ થતું હોય, ત્યાં માનવને ઉંઘતો કહેવો કે જાગતો ? માટે પ્રશ્ન કરે છે, કે :—

“ जागर्ति को वा ? ” - જાગતો કોણ છે? ગુરુ જવાબ આપે છે, કે :- “ सदसद्विवेकी ”. જેનામાં સત્યાસત્યનો વિવેક છે, એવો આત્મા જાગતો છે. વિવેકી આત્મા ઉંઘતો છતાં જાગતો છે. અવિવેકી આત્મા જાગતો છતાં ઉંઘતો છે.

વિવેકી અને અવિવેકી આત્મા આકારથી તો માનવ છે, પણ બન્ને વચ્ચે હાથી-ગધેડાનું અંતર છે. સોનું અને પિત્તળ રંગથી તો સરખા જ છે; પરંતુ કિંમતમાં ફેર કેટલો છે? આંકડાનું અને ગાયનું દૂધ રંગમાં શ્વેત છે. પણ ગુણમાં કેટલો તફાવત છે? એક ઝેર જેવું. બીજું અમૃત સમું; આકડાના દૂધનો આંખમાં છાંટો પડે તો આંધળો થાય. ગાયનુ દૂધ શરીરને શક્તિ અને મગજને તાજગી આપે છે. આ જ રીતે વિવેકી આત્માનું જીવન અમૃત સમાન છે અને અવિવેકીનું જીવન બિષતુલ્ય છે.

વિવેકી માનવ અંતર્ચક્ષુથી જોવે છે. અવિવેકી માનવની આંખ ખુલ્લી હોય છે; પરંતુ દીલના દ્વાર બંધ હોય છે. જેથી દેખતો હોવા છતાં અંધ છે. આંખના અંધાપા કરતા દીલનો અંધાપો શતગણો ભયંકર છે આંખે અંધ હોય તો આ ભવનું દુ:ખ વેઠવું પડે; પરંતુ અંતરનો અંધાપો હોય તો ભવોભવના કષ્ટ સહવા પડે. અંધ માનવને દેખી દીલમાં દયા આવે છે. જ્યારે અંતરના અંધાપાને દેખી જ્ઞાનીઓ કરૂણતાનો સ્તોત્ર વહાવે છે.

આજે બહારના અંધારા ઉલેચવા અનેક યોજનાઓ ઘડાય છે; પરંતુ દીલના બુઝાઈ જતાં દીપકને પ્રગટાવવા કોઇ યોજના વિચારાય છે? બાહ્ય રોશની વધતી જાય છે, તેમ આત્માનો અંધાપો વધતો જાય છે. આજની દુનિયા મોહના અંધાપામાં ઘેરાતી જાય છે. આજનો સમાજ વિષય-વિલાસ અને વિકારના સાગરમાં ડુબતો જાય છે. પરિણામે વિશ્વ જ્વાળામુખીના લાવારસની જેમ સંતૃપ્ત બનતું જાય છે.

વિવેકી માનવ હેય પદાર્થનો ત્યાગ કરે છે. રાગ-દ્વેષ એ જન્મમરણના મૂળ કારણ છે. વિષય-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કષાયની આસક્તિના યોગે જીવ કદી સુખી થતો નથી, આમ સમજી જડ પદાર્થને માની ત્યજી દે છે, જ્ઞેય વસ્તુને સમજીને મધ્યસ્થભાવથી આચરણ કરે છે, તથા આત્મવિકાસની સાધક એવી ધર્મપ્રવૃતિને ઊપાદેય માની આચરે છે, તેથી પ્રમાદને લઈ થતાં અનેક પાપોથી વિવેકી માનવ બચી જાય છે.

અંતર્ચક્ષુને ખોલવાનો એક જ અમોઘ ઉપાય વીતરાગ દેવે બતાવ્યો છે. તે એ છે કે " હેય-જ્ઞેય અને ઊપાદેય રૂપ ત્રિપદીનું વાસ્તવિક જ્ઞાન" જેમ ત્રિફલા ચર્મચક્ષુના દર્દોને દૂર કરે છે. નેત્રને નિર્મળ દૃષ્ટિ આપે છે તેમ ત્રિપદીનું જ્ઞાન રૂપ ચૂર્ણ અંતરને દિવ્ય દૃષ્ટિ આપે છે, અર્થાત હેય-જ્ઞેય અને ઉપાદેયના જ્ઞાનથી વિવેક દીપક પ્રગટે છે અને તેથી અંતરનો અંધાપો દુર થાય છે.

(ક્રમશ)

## ☼ ઘોઘા યાત્રા પ્રવાસ ☼

શ્રી જૈન આત્માનંદ સભા તરફથી સંવત ૨૦૫૩ના માગસર વદ ૪ રવિવાર તા. ૨૯-૧૨-૯૬ના રોજ ઘોઘા શ્રી નવખંડા પાર્શ્વનાથજી ભગવાનનો યાત્રા પ્રવાસ રાખવામાં આવ્યો હતો. આ યાત્રા પ્રવાસ કારતક માસનો ડેમનો તથા માગસર માસનો ઘોઘાનો સંયુક્ત રાખવામાં આવ્યો હતો. જેમાં નીચે મુજબના દાતાશ્રીઓની વ્યાજ આવકની રકમમાંથી ગુરુભક્તિ તથા સ્વામીભક્તિ કરવામાં આવી હતી.

સભા તરફથી શ્રી ઘોઘા નવખંડા પાર્શ્વનાથ દાદાના રંગમંડપમાં શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા સંગીતકાર મંડળી સાથે ભવ્ય રાગ-રાગણીપૂર્વક ભણાવવામાં આવી હતી.

સભાના સભ્યશ્રી ભાઈ-બહેનો તથા મહેમાનો સારી એવી સંખ્યામાં હાજર રહ્યા હતા. યાત્રા પ્રવાસ ખૂબ જ ધામધૂમપૂર્વક આનંદ અને ઉલ્લાહસહ પરિપૂર્ણ થયો હતો.

### દાતાશ્રીઓની શુભ નામાવલી


| | | |
|---|---|---|
| ૧ | શેઠશ્રી પ્રેમચંદ માધવજીભાઈ દોશી | ડેમ યાત્રાના દાતાશ્રીઓ |
| ૨ | શેઠશ્રી અમૃતલાલ રતિલાલ સલોત | " |
| ૩ | શેઠશ્રી નાનાલાલ કુંવરજી શાહ | " |
| ૪ | શેઠશ્રી ખાંતિલાલ રતિલાલ શાહ (ભદ્રાવળવાળા) | " |
| ૫ | શેઠશ્રી મણીલાલ ફૂલચંદભાઇ શાહ | " |
| ૬ | શેઠશ્રી કાંતિલાલ લવજીભાઇ શાહ (ટોપીવાળા) | ઘોઘા યાત્રાના દાતાશ્રીઓ |
| ૭ | શેઠશ્રી ખીમચંદ પરશોતમદાસ શાહ (બારદાનવાળા) | " |
| ૮ | શેઠશ્રી રસીકલાલ છોટાલાલ સંઘવી | " |
| ૯ | શેઠશ્રી રમણીકલાલ માણેકચંદ શાહ (નાણાવટી) | " |
| ૧૦ | શેઠશ્રી રતિલાલ ગોવિંદજીભાઇ (સોપારીવાળા) | " |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રદ્ધા અને મંત્રની તાકાત



["જેના હૈયે શ્રી નવકાર તેને કરશે શું સંસાર ?" પુસ્તકમાંથી સાભાર ]

શ્રદ્ધા તો અજબ-ગજબની તાકાત ધરાવતી એક ચમત્કારી ચીજ છે ! આવી શ્રદ્ધાનો જેની પાસે સહારો નથી હોતો, એવા ઇન્સાનની સામે ભગવાન પણ ખુદ ખડા હોય. તો એના માટે એ પથ્થરના પૂતળા જેવા જ સાબિત થાય છે અને શ્રદ્ધાનો જેને સહારો હોય છે, એવા શ્રદ્ધાળુને પ્રભુની પ્રતિમા દર્શન દે, તોય એ દર્શનમાંથી સાક્ષાત પ્રભુને પામ્યાની ધન્યતા એ અનુભવી શકતો હોય છે. આ તાકાત શ્રદ્ધાની છે.

આવી અતુલ-બળી શ્રદ્ધાની તાકાત, અને મંત્રાધિરાજ શ્રી નમસ્કારની બેજોડ તાકાત, સંગમ સાધીને કેવી ચમત્કૃત સર્જે છે. એને હુબહુ વર્ણવતી આ એક સત્ય-ઘટના છે. આ ઘટનાના નાયકને આપણે 'જિનદાસ'ના નામે ઓળખીશું. કારણ કે સાચા નામને જાહેર કરવાની એને કીર્તિ-કામના નથી. ગુપ્તતાની ગુફામાં રહેવામાં રાજીપો અનુભવતો અલગારી એ આદમી છે.

જિનદાસને મહામંત્ર નમસ્કાર વારસામાં મળ્યો હતો. આ મંત્રના ઊંડા રહસ્યની એને કોઇ ઝાઝી ગતાગમ નહોતી, જેથી મહામંત્ર પર દિલના ઊંડાણમાંથી, જ્ઞાન ગર્ભિત શ્રદ્ધાનો અભિષેક કરવાનું સદ્ભાગ્ય એને કયાંથી સાંપડે ? છતાં સામાન્ય-શ્રદ્ધાના જળ છાંટણા કરવાનું આછું-પાતળું એનું ભાગ્ય તો જરૂર જાગૃત હતું, જેથી એ દરરોજ મહામંત્ર પરની પોતાની આસ્થાને આધારે નિયાન્ત જાપ કરવાનું વ્રત અતિશુદ્ધપણે જાળવી શકતો આ જાપની પળોમાં, ઘણી વાર એના હૈયામાંથી એવી ભાવનાના તરંગો ઊઠતા કે, આ મંત્રનો કોઈ પ્રભાવ-પરચો મને જોવા મળે તો કેવું સારું ? આ ભાવના સંભાવનામાં પલટાય એ માટેની એની પ્રતીક્ષાની ઘણી-ઘણી પળો, દિવસો મહિનાઓ અને વર્ષોમાં પલટાઈ ગઈ. પણ ભાવનાના એ તરંગોમાં, સંભાવનાની કોઈ રંગરેખા એ ન જ જોઇ શકયો!

જીવનમાં અજબ-ઘડી કોઈ આવી જતી હોય છે, જયારે માણસે ધાર્યું હોય છે કંઈ અને બની જતું હોય છે બીજું જ કંઈ! કેટલીક વાર અકસ્માત, આશીર્વાદમાં પલટાઈ જતો હોય છે, તો કયારેક આશીર્વાદ, અકસ્માત તરફ ભીષણ-વળાંક લઈ લેતો હોય છે. જિનદાસના જીવનમાં એક વાર આવી જ એક અજબ ઘડી આવી!

જિનદાસનો એક અજૈન મિત્ર શક્તિનો ઉપાસક હતો અને શક્તિ ઉપાસક એક ભુવા જોડે એને ઠીક ઠીક પરિચય હતો. એ મિત્રે એક દહાડો જિનદાસને કહ્યું : જિનદાસ ! આ દુનિયા તો અજબ-ગજબની વિચિત્રતાઓનો એક મેળો છે, શ્રદ્ધાની આંખ ખુલ્લી રાખીને જોઇએ, તો આ મેળાને માણવાની મજા અનુભવી શકાય ! ઇચ્છા થતી હોય, તો શકિતની ઉપાસનાનો પરચો જોવા આવવાનું મારું આમંત્રણ છે. એક ભુવો આવો પરચો પ્રત્યક્ષ બતાવી શકે છે. ગંગા ઘર આંગણે જ આવેલી છે !

જિનદાસનું કુતૂહલ આ વાત સાંભળીને પોતાના મનને કાબૂમાં ન રાખી શકયું. એને થયું કે, ભલે હું જૈન રહ્યો, પણ જોવા જવામાં શો વાંધો છે ? મને વિશ્વાસ છે કે, મારા મનમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચાલતો મહામંત્ર નવકારનો અજપાજપ મારી શ્રદ્ધાને જરાય ડગાવી નહિ શકે !

મિત્રના આમંત્રણને સ્વીકારતા જિનદાસે કહ્યું: તારા આમંત્રણનો સહર્ષ સ્વીકાર કરતા, ભાવતું હતું ને વૈદે કહ્યા જેવો આનંદ અનુભવું છું ચાલો, આ રીતે ય પરચો જોવા મળતો હોય, તો શા માટે તકને વધાવી ન લેવી ?

બંને મિત્રો શક્તિ માતાના મંદિરે પહોંચ્યા. જિન–મંદિરના શાંત–પ્રશાંત વાતાવરણથી ટેવાયેલા જિનદાસને શક્તિ મંદિરનું વાતાવરણ ખૂબ જ વિચિત્ર લાગવા માંડયું માતાનું બિરુદ ધરાવતી 'શકિતદેવી'ની પ્રતિમા પર માતૃત્વનો મહિમા ગાતું કોઈ જ પ્રતીક દેખાતું નહોતું. શકિત માતાનો એ દેહ નખથી શીખ સુધી એવા–એવા ચિહ્નોથી લદાયેલો હતો કે, એકવાર તો બહાદુર પણ એને જોઈને ડરી જાય! અધૂરામાં પૂરું ભુવાનો દેદાર એવો તે ભીષણ–ભયંકર હતો કે– જેની કલ્પનાથીય કાળજું કમકમાટી અનુભવે !

શકિતના ઉપાસક મિત્રે ભુવાને જિનદાસનો પરિચય કરાવતાં કહ્યું કે, આ મારા એક જૈન મિત્ર છે. શકિત-માતાનો પરચો નજરોનજર જોવાની ખૂબ જ ઇચ્છા છે. એથી હું આપને વિનવું છે કે, આપ શકિતમાતાને આ મિત્રના શરીરમાં પ્રવેશ કરાવીને એને પરચો બતાવો.'

ભુવાએ 'હકાર' સૂચક માથું હલાવીને કહ્યું : શકિત-માતા તો હાજરાહજૂર દેવી છે. એનો પરચો બતાવવો, એ મારે માટે કોઈ અઘરી વાત નથી ! હું મારો પ્રયોગ શરૂ કરું છું. જેને પરચો અનુભવવો હોય, એ આ કુંડાળામાં આસન જમાવીને બેસી જાય !

ભુવાની આજ્ઞા મુજબ જિનદાસ કુંડાળામાં બેસી ગયો. ચોતરફનું ભયભર્યું વાતાવરણ એના માટે નવુ નવું હતુ. એણી અભયનો આશરો પામવા એણે મનોમન મહામંત્રનો જાપ શરૂ કરી દઈ બધું નાટક નિહાળવાનો નિશ્ચય કર્યો. પળ બે પળમાં વાતાવરણે વધુ ભયપ્રદ વળાંક લીધો. ડાકલાં વાગી રહ્યાં. દાતણની ચીરીઓ ચોતરફ ફેંકાવા માંડી. જળછાંટણાથી આજુબાજુની જમીન ભીનીભીની બની ગઈ. થોડી વધુ પળો વીતી, અને ભુવાના શરીરમાં કોઈનો પ્રવેશ થયાની એંધાણીઓ કળાવા માંડી.

જોર–જોરથી ધુણતા ભુવાએ વિધિનો બીજો તબક્કો શરૂ કર્યો. એ ઉભો થયો, પોતાના કુંડાળામાંથી બહાર આવીને, એ જિનદાસ તરફ ગયો. શકિતમાતાને જિનદાસના શરીરમાં પ્રવેશ કરાવવાનો પ્રયોગ હવે શરૂ થયો. ભુવો જિનદાસને એક પ્રદક્ષિણા ફર્યો, પ્રદક્ષિણા પૂરી થતાં જ હતાશાથી હણાયેલો ભુવો પગ પછાડીને પોતાની બેઠક પર બેસી પડયો. એને એવો આભાસ થવા માંડયો કે, શકિતમાતા જિનદાસના શરીરમાં પ્રવેશવા અસમર્થ છે. પણ એ કંઈ એમ હતાશ થાય એમ ન હતો. ફરીથી એ ઊભો થયો. હિંમતભેર એણે જિનદાસના કુંડાળાને ફરતી બીજી પ્રદક્ષિણા લીધી, પરંતુ પરિણામ એવું જ આવ્યું. પગ પછાડીને એને પોતાને આસને બેસી જવાની કોઇ અદૃશ્ય–શકિતએ જાણે ફરજ પાડી.

બે વાર હતાશ થયેલો ભુવો હવે આ વાતને પોતાની પ્રતિષ્ઠાનો અને નાકનો પ્રશ્ન ગણીને, ગમે તે ભોગે શકિતમાતાને જિનદાસન શરીરમાં પ્રવેશાવી દેવાના ઝનૂન સાથે પુનઃ ઉભો થયો. ક્રોધાવેશ સાથે એણે ત્રીજી પ્રદક્ષિણા પૂરી કરી, પણ એનું સ્વપ્ન સિદ્ધ ન જ થયું! વા–વંટોળના વેગથી જેમ તરણું પાછું ધકેલાય, એમ ભુવો પાછળ ધકેલાઇ ગયો અને ભગ્નાશ–હતાશ હૈયે પોતાની બેઠક પર એ પછડાઈ પડયો. એના તન–મન પર છવાઇ ગયેલી નિરાશા અને લાચારીની લાગણી જોઈને, શકિતના પેલા ઉપાસકે ભુવાના શરીરમાં પ્રવેશેલા માતાજીને વિનવતાં કહ્યું કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'માતાજી ! આપનું આહ્‌વાન એટલા માટે જ કરવામાં આવ્યુ છે કે, આ જૈનમિત્ર જિનદાસ આપના પરચાનો પ્રત્યક્ષ સાક્ષી બની શકે, એથી હું આપને આશા ભર્યા અંતરે ઝુકી-ઝુકીને ફરી વિનવું છું કે, આપ પોતે આ જિનદાસના શરીરમાં પ્રવેશીને, એને પરચો આપવાની કૃપા કરો ! '

ભુવાના માધ્યમે આ વિનવણીનો જવાબ વાળતાં શકિતમાતાએ કહ્યું ; આ જૈન-ભાઇના દેહમાં પ્રવેશ કરવા હું લાચાર છું એની આસપાસ, એના ઈષ્ટદેવના જપથી રચાયેલા ગેબી તેજસ્વી-વર્તુળો, એના શરીરમાં પ્રવેશતા મને રોકે છે, અને હું પાછી પડું છું.

કિનારે આવી પહોંચેલી નાવને ઉગારી લેવાની આરઝુ સાથે ફરી વિનવણી થઈ : આપ આમ હતાશ થાવ. એ કેમ ચાલે ! ગમે તે રીતે આપ પરચો બતાવો, એવી મારી અંતરની કામના છે. ઉપાયમાં કમીના હોય, તો સૂચવો, અમે બધું કરવા તૈયાર છીએ

ભુવાના માધ્યમે પુનઃ પ્રત્યુત્તર સાંપડયો : હા એક ઊપાય છે. આ જૈનભાઈ પોતાના ઇષ્ટ-દેવનો જપ કરવાનું છોડી દે, એઓ પોતાના ઇષ્ટ-મંત્રના આજીવન-ત્યાગનો મને કોલ આપે; તો મારો અવરોધ દૂર થાય અને હું એના શરીરમાં પ્રવેશ પામી શકું. આ સિવાય મારો પરચો પામવાનો કોઇ જ ઉપાય નથી, હું ભલે ગમે તેટલી શકિતશાળી ગણાતી હોઉં ! પણ આ ભાઇ દ્વારા થતા ઇષ્ટમંત્રથી જાગતા તેજવર્તુળો મારી આંખને આંજીને આંધળી બનાવી દે છે. એ વર્તુળો વીંધીને આગળ વધવા હું લાચાર બની જાઉં છું માટે મારી આ શરત માન્ય હોય તોજ હું પરચો બતાવવા સમર્થ છું, બોલો, માન્ય છે મારી આ શરત ?

આ સવાલ-જવાબે જિનદાસના હૈયામાં કોઈ જુદી જ જાતનું નિર્ણાયક-મનોમંથન પેદા કરી દીધું. એ વિચારે ચડયો : ઓહ ! પરચો તો મારા ઘરમાં જ મારી પ્રતીક્ષા કરતો ખડો છે અને એની શોધ માટે હું આમ-તેમ ફાંફાં મારી રહ્યો છું ! **મારો નવકાર કેટલો બધો બળવાન છે કે, એના જપમાંથી નીકળતી જયોતિ, શકિતમાતાનેય હાર અપાવી શકે છે.**

નવકાર તરફ હું કોઇ એવી નક્કર નિષ્ઠા ધરાવતો નથી, મેં એવો કોઈ ભેખ લઈને, નવકારને જ મારો મુદ્રાલેખ નથી બનાવ્યો ! વારસામાં મળેલા નવકારની રોજ હું માત્ર એક માળા જ ફેરવું છું. મારી શ્રદ્ધાની સીમા ફકત આટલી જ છે ! છતાં જો આવી નામની શ્રદ્ધા પણ આ જાતનો પરચો આપી શકે છે, તો નવકાર પ્રત્યેની મારી શ્રદ્ધ-નિષ્ઠાને જો હું સમજણપૂર્વકની બનાવવા મંડી પડું, તો મારો બેડો આ ભવસાગરથી પાર ન થઈ જાય શું?

પરચો પામવો હતો કોઈ શકિતનો અને પરચો હાથ લાગી ગયો બીજી જ કોઇ શકિતનો ! જિનદાસે મનોમન પાકો નિર્ણય લઈને, પોતાના મિત્રને કહ્યું : મારે જે પરચો પામવો હતો, એ મળી ગયો છે. આ પ્રસંગે ખૂબ જ સચોટ રીતે એ સાબિત કરી આપ્યું છે કે, શકિતમાતાનેય હાર સ્વીકારવી પડે, એવી પ્રચંડ તાકાત મારા નવકારમંત્રમાં છે. હવે આવો-આટલો પરચો મળ્યો પછી પણ જો હું નવકારની નિષ્ઠાને છેહ દઉં, તો મારા જેવો મૂર્ખ-શિરોમણિ બીજો કોણ કહેવાય ?

શકિતને વિસર્જિત કરી દેવાઇ. સહુના મોં પર જુદી-જુદી જાતના આશ્ચર્યના તરંગો-રંગો અંકિત થયા હતા. ભુવાના દિલમાં આશ્ચર્ય સમાતું ન હતું પોતાના પરાજયનો પાયો ગોતવા એણે જિનદાસને એટલું જ પૂછ્યું કે – તમારા ઇષ્ટ-મંત્રનો પાઠ જાણવાનો મારો અધિકાર ખરો ?

જિનદાસનો આનંદ અને અહોભાવ છલકાઈ ઉઠયો. એણે ટૂંકાક્ષરી જવાબમાં માત્ર એટલું જ કહ્યું કે :

"નમો અરિહંતાણં !" (–'મુકિતદૂત"ના આધારે)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સાભાર સ્વીકાર

- પ.પૂ. આચાર્યદેવશ્રી યશોવિજયસૂરિજી મ.સા. ઝીંઝુવાડા તરફથી "કર્મસ્તવ" (દ્વિતીય કર્મ ગ્રંથ) પુસ્તક-૧ પોસ્ટ દ્વારા સાભાર મળેલ છે.

- શ્રી રમણલાલ છગનલાલ શાહ ચેરીટેબલ ટ્રસ્ટ- નવસારી તરફથી "તત્વાર્થાધિગમ સૂત્રમ્" પુસ્તક-૨ પોસ્ટ દ્વારા સાભાર મળેલ છે.

- પૂ. આ. શ્રી પ્રદ્યુમ્નસૂરિજી મ.સા.ની પ્રેરણાથી શ્રુતજ્ઞાન પ્રસારક સભા તરફથી "પંડિત વિરવિજયજી સ્વાધ્યાય ગ્રંથ" પુસ્તક બે નકલમાં સભાને ભેટ સ્વરૂપે સાભાર મળેલ છે.

- સભાના માનદ્‌મંત્રીશ્રી હિંમતલાલ અનોપચંદ મોતીવાળા તરફથી "શૂન્ય બનીને પૂર્ણ બનું" [લેખક પૂ.પં. શ્રી ચંદ્રશેખરવિજયજી મ.સા.] પુસ્તક સભાને ભેટ સ્વરૂપે મળેલ છે.

- શ્રી પાર્શ્વનાથ ભગવાનની પેઢી (મધુમતી જૈન દેરાસર) મોટા બજાર, નવસારી તરફથી "અભિધાન ચિંતામણિ કોશ;" નામનું પુસ્તક સભાને ભેટ સ્વરૂપે મળેલ છે.

- સન્માર્ગ પ્રકાશન, આરાધના ભુવન, પાછીઆની પોળ, રીલીફ રોડ, અમદાવાદ તરફથી સભાને નીચેના પુસ્તકો સભાને ભેટપૂર્વક સાભાર મળેલ છે.
  (૧) પૂજ્યપાદ આ. શ્રી વિજયરામચંદ્રસુરીશ્વરજી મ. સા. સ્મૃતિગ્રંથમાળાની નાની-નાની પુસ્તિકાઓ નંગ-૨૧ (૨) ભોરોલ તીર્થની આછેરી ઝલક (૩) Jainism a Glimse (૪) Atma the self (૫) જૈન ધર્મની એક ઝલક (૬) યોગશાસ્ત્રમ (૭) સમ્યગૂ દર્શન (૮) દ્રવ્ય સપ્તતિકા, (૯) ઇન્દ્ર પરાજય-શતકમ્-પ્રત. કુલ ૨૯ પુસ્તક પ્રાપ્ત થયેલ છે.

- પુ.આ.શ્રી શીલચંદ્રસુરીશ્વરજી મ.સા. તરફથી "શ્રી વીતરાગ સ્તવ:" તથા "શ્રી હીરસુન્દર-મહાકાવ્યમ્" ભાગ-૧લો પુસ્તક બે સભાને સપ્રેમ ભેટ મળેલ છે.

- શ્રી સંભવનાથ જૈન દેરાસર-બોરીવલી-વેસ્ટ, મુંબઇ-૯૨ તરફથી "શ્રી કલ્પસૂત્રમ્ સચિત્રમ" (બારસાસૂત્ર) પ્રત નંગ-૧ સભાને સપ્રેમ ભેટ મળેલ છે.

- સભાના પેટ્રન મેમ્બર શ્રી હસમુખલાલ બી. મહેતા. મુંબઇ તરફથી નીચેના પુસ્તકો સભાને ભેટ મળેલ છે.
  (૧) શ્રી મહાપ્રભાવિક નવસ્મરણાદિ સંગ્રહ (૨) મૂક્તિનો ટહૂકો (૩) માનસિક શાંતિના સચોટ ઉપાયો (૪) સાચા સુખની ગંગોત્રી (૫) રત્નકણિકા (૬) જેના હૈયે શ્રી નવકાર તેને કેમ ગમે સંસાર (૭) શીલધર્મની રત્નકથાઓ (૮) મહાસતી મદનરેખા (૯) શ્રી અજારા તીર્થની પ્રભાવ ગાથા (૧૦) કેડીને કંડારો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



- શ્રી કસ્તુર પ્રકાશન ટ્રસ્ટ–વરલી, મુંબઈ–૧૮ તરફથી પૂ. ગણિવર્યશ્રી મહોદય સાગરજી મ. સા. સંપાદિત "જેના હૈયે–નવકાર...તેને–કરશે–શું સંસાર–? પુસ્તક નંગ–૧ સભાને સપ્રેમ ભેટ મળેલ છે.

- "નિગ્રંથ" (પ્રથમ અંક) લેખક એમ. એ. ઢાકે તથા જિતેન્દ્ર શાહ પ્રકાશક; શારદાબેન ચીમનભાઈ એજ્યુકેશનલ રીસર્ચ સેન્ટર. "દર્શન," રાણકપુર સોસાયટી સામે, શાહીબાગ, અમદાવાદ ૪

- પ. પૂ. શાસનસમ્રાટ સમુદાયના પૂ.આ.શ્રી વિજય અશોકચંદ્રસૂરિજી મ.સા. તરફથી "શ્રી પ્રાકૃત વિજ્ઞાન પાઠશાળા" તથા શ્રી 'પ્રાકૃત વિજ્ઞાન પાઠશાળા માર્ગદર્શિકા.' તથા "શ્રી બૃહન્નન્દ્યાવર્તપૂજન નામની પ્રત નામના ત્રણ પુસ્તકો સભાને ભેટ મળેલ છે.

- પૂ.આ.શ્રી વારિસેણ સૂરિજી મ.સા. તરફથી શ્રી મોહનવિજયજી જૈન પાઠશાળા જી.પી.ઓ. સામે, જામનગર દ્વારા નીચે મુજબના પાંચ પુસ્તકો સભાને ભેટ સ્વરૂપે મળેલ છે. (૧) લબ્ધિપ્રશ્ન ભા. ૨ (૨) લબ્ધિ પ્રશ્ન [હિન્દી] (૩) પુણ્યાનંદ ભક્તિ. (૪) પુણ્યાનંદ સૌરભ (૫) લબ્ધિકૃપા–માસીક,

- દિવ્યદર્શન ટ્રસ્ટ, ૬૮ કલિકુંડ સોસાયટી, ધોળકા તરફથી શ્રી ભુવનભાનુ એક સોનેરી પાનુ તથા તર્કના ટાંકણા શ્રદ્ધાનું શીલ્પ, નામના બે પુસ્તકો સભાને ભેટ મળેલ છે.

# દાન એટલે ધર્મઋણ

એક વાર સરદાર વલ્લભભાઈ પટેલ કોંગ્રેસ માટે ફાળો ઉઘરાવવા માટે રંગુન ગયા હતા. તે વેળાએ જ્યારે તેઓ ચીનાઓની પાસે ફંડ ઉઘરાવવા જતા, ત્યારે ચીનાઓ તેમની ટીપમાં કશું લખાતાં નહીં. પરંતુ ઘરમાં જે કંઈ રૂપિયા હોય તેમાંથી યથાશક્તિ રકમ લાવીને હાથોહાથ આપી દેતા. કેટલાક ચીનાઓ અમુક રકમનો ચેક જ તરતોતરત લખીને આપી દેતા.

ચીનાઓનું આવું વર્તન જોઈને સરદારશ્રીએ એક ચીની ગૃહસ્થને એનું કારણ પૂછ્યું.

એ ચીની ગૃહસ્થે જવાબમાં કહ્યું; 'આ તો ધર્મઋણ કહેવાય.' ટીપમાં આંકડો લખાવ્યા પછી તેટલા પૈસા પાસે ન હોય, તો જેટલા દિવસ એ આપતાં થાય તેટલા દિવસનું દેવું જ અમારા ઉપર ચડે અને એ ધર્મઋણનું પાતક અમારા લોકોમાં અંકરામાં આકરું ગણાય છે. માટે અમે ફંડફાળામાં જે કંઈ આપવાના હોઈએ–તે તરતોતરત આપી દઈને એ ઋણમાંથી મુક્તિ અનુભવીએ છીએ ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ૦ 'ગેબી માર ગાયબ થઇ ગયો !'

**પૂ. આ. શ્રી ઈન્દ્રદિન્નસૂરિજી મ. સા.**

[" નોંધ : જેના હૈયે શ્રી નવકાર તેને કરશે શું સંસાર ?" પુસ્તકમાંથી સાભાર ]

વડોદરા જિલ્લામાં બોડેલી તીર્થ આજુબાજુ ૫૦૦ ગામોમાં અહિંસાનો પ્રચાર થયો છે. એમાં વડોદરા તથા પંચમહાલ, આ બંને જિલ્લાઓમાં ૫૦ માઇલના એરિયામાં પરમાર-ક્ષત્રિયો જૈન ધર્મનું પાલન કરતા થયા છે. નવકાર મહામંત્રનું સ્મરણ કરતા થયા છે. આ ક્ષેત્રમાં અમે ૧૨ વર્ષ વિચર્યા. પરિણામે અનેક લોકોએ વ્યસન ત્યાગ કર્યા છે.

આમાં એક ગામ ડુમા (પંચમહાલ)માં હજાર ઘરની વસ્તી છે. જેમાં દામાભાઈ ભાલસીંગ કરીને એક પરિવાર વસે છે. તેમના સાત છોકરા છે અને ઘરમાં સાત ઓરડા છે. તેમાં એક ભાઈના ઓરડામાં ભાઈને ગેબી માર પડે પણ કોણ મારે છે. તે દેખાય નહિ. ઘણા વખત સુધી આ બનાવ ચાલુ રહ્યો. શાંતિ માટે ભૂવાઓ પાસે દોરા, ધાગા.' કામણ, ટુમણ, બધું કરાવી ચૂકયા હતા પરંતુ કોઈ પણ રીતે શાંતિ થઈ નહીં. આ અરસામાં અમે એમના ગામમાં ગયા. તે વખતે હું મુનિ અવસ્થામાં જ હતો. આચાર્ય પદવી થઈ ન હતી. ઘરમાં શાંતિ થાય તે માટે અમારી નિશ્રામાં પંચકલ્યાણક પાર્શ્વનાથ ભગવાનની પૂજા રાખવામાં આવી. પોતાનાં સગાંવહાલાંઓને આજુબાજુના ગામોમાંથી આમંત્રણ આપીને બોલાવ્યા ભજનમંડળીઓ બોલાવી. પંડિત બેચરભાઈને બોલાવ્યા .... ઠાઠથી પૂજા ભણાવવામાં આવી. આવેલા મહેમાનો તથા ગામના લોકોને જમાડયા. પછી બધા વિદાય થયા અમે હજુ વિહાર કર્યો ન હતો એટલે દામાભાઈનો પરિવાર ભેગો થઈ અમારી પાસે આવ્યો. દામાભાઈ ગણપતભાઈ, મોહનભાઈ આદિએ જે ઓરડામાં ગેબી માર પડતો અને તે પણ એક જ ભાઈને વગેરે વિગત મારી આગળ રજૂ કરી. મે તેમને નવકાર મહામંત્રનો પ્રભાવ બતાવતાં કહ્યું, ' શુદ્ધ નવકાર આવડતો હોય તો મારી આગળ બોલી જાઓ. ' ગણપતભાઈ બોલી ગયા. તેમને ઉદ્દેશીને મેં કહ્યું; **' તમે સ્નાન કરીને શુદ્ધ થઈને શુદ્ધ કપડાં પહેરીને જે ઓરડામાં ગેબી માર પડે છે, તેમાં ધૂપ, દીપ સાથે નવકાર મંત્રનો જાપ કરો શાંતિ થઇ જશે '** આ **પ્રમાણે કરવાથી એક જ મહિનામાં શાંતિ થઇ ગઈ !** ઘરનાં બધા સભ્યો આવીને મને મળ્યા અને વાત કરી કે આતો મોટો ઉપકાર થયો. ઘરમાં શાંતિ થઈ !'

અત્યારે આ પરિવારના બધા જ પરમાર ક્ષત્રિયો જૈન ધર્મનું શુદ્ધ પાલન કરી રહ્યા છે. ખેતીવાડી બાગબગીચા કરીને સુખી જીવન જીવી રહ્યા છે. એમના પરિવારમાંથી એકે આચાર્ય શ્રી ચંદ્રોદયસૂરીશ્વરજી પાસેથી દીક્ષા લીધી છે અને તે શિષ્ય આચાર્ય મહારાજ પાસે રહીને **અનંતચંદ્રવિજય મહારાજ** નામ ધારણ કરી ખૂબ જ સારો અભ્યાસ તથા મુનિજીવન પાળીને સંયમથી સાધના પણ સારી કરી રહ્યા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર્સ (સેન્ટ્રલ) ફોર્મ-૪ નિયમ ૮ પ્રમાણે

# " શ્રી આત્માનંદ પ્રકાશ "

## સંબંધમાં નીચેની વિગતો પ્રગટ કરવામાં આવે છે.

**૧. પ્રસિદ્ધિ સ્થળ :**
શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઇટ, ભાવનગર-૩૬૪૦૦૧

**૨. પ્રસિદ્ધિ ક્રમ :**
દરેક અંગ્રેજી મહિનાની સોળમી તારીખ.

**૩. મુદ્રકનું નામ :**
હેમેન્દ્રકુમાર હરિલાલ શેઠ
કયા દેશના : ભારતીય,
ઠેકાણું : આનંદ પ્રિન્ટીંગ પ્રેસ, સુતારવાડ, ભાવનગર-૩૬૪૦૦૧

**૪. પ્રકાશકનું નામ :**
શ્રી જૈન આત્માનંદ સભા વતી, પ્રમોદકાંત ખીમચંદ શાહ
કયા દેશના : ભારતીય
ઠેકાણું : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર-૩૬૪૦૦૧

**૫. તંત્રીનું નામ :**
શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહ
કયા દેશના : ભારતીય
ઠેકાણું : શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઇટ, ભાવનગર-૩૬૪૦૦૧

**૬. સામાયિકના માલિકનું નામ :**
શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઇટ, ભાવનગર-૩૬૪૦૦૧

આથી હું પ્રમોદકાંત ખીમચંદ શાહ જાહેર કરું છું કે ઉપરની આપેલી વિગતો અમારી જાણ તથા માન્યતા મુજબ બરાબર છે,

તા ૧૬-૨-૬૭

**પ્રમોદકાંત ખીમચંદ શાહ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી ગુરુ ગૌતમ સ્વામીને નમઃ

શ્રીમદ્ વિજયાનંદસૂરિ શ્રી ગુરુ (આત્મારામજી) મહારાજ સાહેબને નમઃ

# 卐 સુવર્ણ અવસર 卐

**ધર્માનુરાગી ભાઇશ્રી,**

જય જિનેન્દ્ર સાથ વિદિત કરતાં ખૂબ હર્ષ અને આનંદ થાય તેવો શુભ **અવસર શ્રી જૈન આત્માનંદ** સભાને આંગણે શરૂ થયો છે.

આ શ્રી જૈન આત્માનંદ સભા ૧૦૦માં વર્ષમાં પદાર્પણ કરી રહી છે. સંવત ૧૯૫૨ જેઠ સુદ ૨ ના રોજ આ સભા શરૂ થઇ અને આજ પર્યંત ૧૦૦ વર્ષ સુધી જ્ઞાનપરબ અવિરતપણે વહેવડાવી છે અને અસ્ખલીત ચાલુ રહી છે તે પરમપૂજ્ય ગુરુ ભગવંતોના શુભ આશીર્વાદ અને પ્રેરણાનું પરિણામ છે.

આ સંસ્થા ઉપર પ.પૂ. આચાર્ય દેવેશ શ્રી સિદ્ધિસૂરીશ્વરજી (બાપજી મહારાજ સાહેબ) મ. સા. ના સમુદાયના ગુરુભગવંતશ્રી ભુવનવિજયજી મ.ના શિષ્યરત્ન આગમપ્રજ્ઞ પ.પૂ. જંબુવિજયજી મહારાજ સાહેબનો આ સભા ઉપર અનન્ય ઉપકાર છે અને તેમના શુભ આશીર્વાદ આ સંસ્થાને વારંવાર સાંપડતા રહે છે.

પરમ પૂજ્ય આચાર્ય દેવેશ શ્રી વિજય ઇન્દ્રદિન્નસૂરિજી મહારાજ સાહેબ ભાવનગર સપરિવાર પધાર્યા અને તેમની તારક નિશ્રામાં તેઓશ્રીના આશીર્વાદ મેળવી સૌ પ્રથમ શતાબ્દી વર્ષની ઉજવણીની જાહેરાત કરવામાં આવી અને ભાવનગરમાં તેઓશ્રીની નિશ્રામાં સંક્રાંતિ ઉત્સવ ઉજવાયો.

આ મંગળ પ્રસંગે શાસનસમ્રાટ સમુદાયના અને વિદ્યમાન ગચ્છાધિપતિ આચાર્ય દેવશ્રી વિજયદેવસૂરીશ્વરજી મ.સા., પૂ. આચાર્ય દેવશ્રી વિજયહેમચંદ્રસૂરીશ્વરજી મ.સા. આદિ ગુરુભગવંતોની નિશ્રા પ્રાપ્ત થઇ–તેઓના આશીર્વાદ પ્રાપ્ત થયા.

શતાબ્દી ઉત્સવનો કાર્યક્રમ તેઓશ્રીની શુભ નિશ્રામાં નીચે મુજબ જાહેર થયો.

૧. શાનદાર શતાબ્દી ઉત્સવમાં કુલ ૧૧ ગ્રંથોનું પ્રકાશન કરવું
૨. સભાના નવા પેટ્રન મેમ્બર ૧૦૧ બનાવવા.
૩. સભાના આજીવન સભ્યો નવા ૧૦૦૧ બનાવવા.
૪. સભાનો ઇતિહાસ અને વિદ્વાનોના લેખ સાથે દળદાર સુવેનીયર બહાર પાડવું.
૫. ઉત્સવમાં પૂજ્ય ગુરુભગવંતો અને વિદ્વાનોને આમંત્રી વ્યાખ્યાનો ગોઠવવા.
૬. શતાબ્દી પ્રસંગે એક ભવ્ય જ્ઞાન પ્રદર્શનનું પણ આયોજન વિચારેલ છે. તેમજ જુદી જુદી જ્ઞાનસ્પર્ધાઓ યોજવાનુ પણ વિચારેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપર મુજબ સંકલ્પની જાહેરાત થતાં પૂ. ગુરુ ભગવંતોએ ખૂબ-ખૂબ આશીર્વાદ આપ્યા અને એ જ વખતે સારી સંખ્યામાં પેટ્રન મેમ્બર નોંધાયા, આજીવન સભ્યો પણ સારી સંખ્યામાં નોંધાવાના સંકલ્પને સારો પ્રતિસાદ સાંપડયો.

આવા દરેક કાર્યો બહોળા જનસમુદાયના સહકારથીજ ઉજવી શકાય.

સુવેનીયરની જાહેરાત માટે આપની પાસે વિનંતી કરીએ છીએ. તો જાહેરખબરનું મેટર તથા બ્લોક (હોય તો ) તા ૩૧-૩-૯૭ પહેલાં શ્રી જૈન આત્માનંદ સભાના નામના ડ્રાફ્ટ સાથે મોકલી આપવા કૃપા કરશોજી.

આપ આ સુવેનીયર માટે મનનીય લેખ મોકલી આભારી કરશોજી.

આપના ઉદ્યોગ-ધંધાની જાહેરાત આપી ઉપકૃત કરશોજી.

## જાહેરાતના દર નીચે મુજબ છે.

૧. બીજું ટાઇટલ પેઇજ રૂા. ૫૦૦૦/-
૨. ત્રીજું ટાઇટલ પેઇજ રૂા. ૫૦૦૦/-
૩. ચોથું ટાઇટલ પેઇજ રૂા. ૭૫૦૦/-
૪. અંદર આખું પેઇજ રૂા. ૩૦૦૦/-
૫. ,, અર્ધું પેઇજ રૂા. ૧૫૦૦/-
૬. ,, પા પેઇજ રૂા. ૮૦૦/-

લિ.
શ્રી જૈન આત્માનંદ સભા
પ્રમોદકાંત ખીમચંદ શાહ
પ્રમુખશ્રી

## શો કાં જ લિ

શ્રી કાંતિલાલ છગનલાલ શાહ (કે. સી. શાહ બાલમંદિરવાળા) (ઉ. વ. ૭૫) ગત નવેમ્બર-માસમાં ભાવનગર મુકામે સ્વર્ગવાસી થયા છે. તેઓશ્રી આ સભાના આજીવન સભ્યશ્રી હતા. તેઓશ્રી ખૂબ જ ધાર્મિક પ્રવૃત્તિવાળા હતા. ઉપરાંત નિખાલસ અને ઉદારભાવના કારણે જૈન સમાજમાં આગવુંસ્થાન ધરાવતા હતા. તેમના દુઃખદ અવસાનથી તેમના કુટુંબીજનો પર આવી પડેલ આ વિષમ દુઃખમાં સભા સમવેદના પ્રગટ કરેલ છે. તેમના આત્માને પરમ શાંતિ મળે એવી પરમકૃપાળુ પરમાત્મા પાસે પ્રાર્થના કરીએ છીએ.

લિ. શ્રી જૈન આત્માનંદ સભા-ખારગેટ, ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આ દુનિયામાં તે જ માનવી મહાન છે કે જે બીજા માટે ઘસાય છે.

— મહેન્દ્ર પુનાતર

સુખ શું છે ? અને કેવી રીતે મેળવી શકાય ? આ અંગે ઘણું ઘણું લખાય છે અને વંચાય છે. આમ છતાં આ સુખનો ટાપુ કોઇ શોધી શક્યું નથી, દરેક માણસે પોતે જ પોતાનીરીતે સુખનાટાપુ પરપહોંચવાનું હોય છે. સુખ કોઇ આપી શકતું નથી. જાતે મેળવવાનું હોય છે જીવનમાં સંતોષ અને આનંદ જેવુ બીજુ કોઇ સુખ નથી. ઉપલબ્ધિ અને અભાવ એ બંનેમાં જે આનંદ અનુભવી શકે છે તેને સુખને શોધવાની કોઇ જરૂર નથી. મોન્તેસ્ક નામના ચિંતકે કહ્યું છે કે, માણસને જો સુખી થવું હોય તો તે બહુ સહેલું છે. પરંતુ માણસને તો બીજાઓ કરતા વધારે સુખી થવું છે એટલે આ વાત મુશ્કેલ બની છે.' બીજા કરતા સુખી બનવાનું બહુ કપરું છે, કારણ કે બીજાઓ હોય છે તેના કરતા આપણે તેમને વધુ સુખી કલ્પેલા હોય છે. આપણને દરેક માણસ આપણા કરતા સુખી નજરે પડે છે કારણ કે સુખ બહાર દેખાતું હોય છે અને દુઃખ અંદર ધરબાયેલું હોયછે. સુખની વ્યાખ્યા વ્યક્તિએ વ્યક્તિએ જુદી જુદી છે. કોઇને ધનનું, કોઇને તનનું કે કોઇને મનનું સુખ જોઇતું હોય છે. બધા સુખોએક સાથે કોઇ નસીબદારનેજ મળતા હોયછે. મોરારીબાપુએ તેમની કથામાં આ પ્રશ્નની છણાવટ કરતા કહ્યું છે કે જેની પાસે 'ધન ઓછું', તન મધ્યમ અને મન મોટું' હોય એ માણસ સુખી, ધન અને લક્ષ્મી વચ્ચે શું ફરક છે તે પણ તેમણે સારી રીતે સમજાવ્યું છે. સરળતાથી મળે અને કષ્ટથી વાપરે એનું નામ ધન પરંતુ કષ્ટથી મળે અને સરળતાથી વાપરે એનું નામ લક્ષ્મી, મન તો આભ જેવું મોટું હોવું જોઇએ. મન સાંકડું અને સંકુચિત હોય તો આપણામાં અને કૃપણમાં ફરક શો?

❖ હું કહું એજ સાચું એ સત્ય નથી એ તો માત્ર આપણો અહં છે. સત્ય શું છે એની ખરેખર કોઇને ખબર પડતી નથી. સત્ય એતો સમગ્ર જીવનની શોધ છે. તેના અનેક પાસા છે. જીવનના અનુભવ પરથી સાચું શું અને ખોટું શું એનો તાગ મેળવી શકાય છે. કોઇપણ માણસનું કથન સંપૂર્ણ સત્ય નથી એ સત્યની એક બાજુ હોય છે, ઘટના અને પરિસ્થિતિ પ્રમાણે સત્ય બદલતુ રહે છે. ઘટના ઘટે ત્યારે જે છે તે પ્રમાણે સ્પષ્ટ અભિવ્યક્તિ એનું નામ સત્ય, કોઈ વાત છૂપાવવી નહી તેનુ નામ સત્ય, જે થયું હોય તે જ કહેવુ. તેનું નામ સત્ય, સત્યને કોઇ ચહેરો કે રૂપ નથી, તે નિરાકાર છે એટલે માણસ તેને ઓળખી શકતો નથી. આજે તો જૂઠની બોલબોલા છે. સત્ય મરી પરવાર્યું છે. અંતિમ સમયે માણસને સાચી વાત સમજાય છે પરંતુ ત્યારે ઘણું મોડું થઈ ચૂક્યું હોય છે.

❖ શોકસભા પ્રાર્થનાસભા કે ગુણાનુવાદ સભામાં સ્વર્ગસ્થ માટે જે ભાવ વ્યકત કરવામાં આવે છે અને તેના કાર્યને બિરદાવવામાં આવે છે અને જેરીતે અંગત સંબંધોને આગળ ધરવામાં આવે છે તેમાં મહદ્ અંશે અતિશયોક્તિ હોય છે. તેમના કુટુંબીજનોને સારું લગાડવા અથવા મૃત્યુનો મલાજો જાળવવા આ બધુ થતું હોય છે. આમાં સત્યના અંશો કરતાં દંભ વધુ લાગે છે. સાદડી અને પ્રાર્થનાસભાઓમાં હાજરી અને દિલસોજીમાં અંતરનું ઊંડાણ કરતા વહેવાર વધુ જોવા મળે છે. એક પ્રશ્ન એવો પણ થાય છે કે કોઇની સાચીપ્રશસ્તિ કરવામાટે, તેના કાર્યને બિરદાવવા માટે કે તેનો ગુણાનુવાદ કરવા માટે શું તેના મૃત્યુ સુધી રાહ જોવાની જરૂર છે? તેઓ જીવંત હોય ત્યારે આ બધુ કેમ ન કરી શકાય ? બીજા માટેનો સારો ભાવ પળેપળ ઉભો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

થવો જોઇએ અને તેની અભિવ્યકિત એની મેળે થતી રહેવી જોઈએ. પ્રાર્થના સભાઓમાં દંભનો આંચળો ઓઢીને જે શબ્દોનાં સાથિયા પુરાય છે તે જોઇને તો સદ્દગત પોતે હાજર હોય તો મૂંઝમાં હસી પડે પોતાનામાં આટલા બધા ગુણો છે તેની તેને પોતાને પણ પ્રથમ વખત ખબર પડે. મૃત્યુ પછી જેની પ્રશંસા કરીએ છીએ તેની હયાતિ હતી ત્યારે કોઇ દિવસ તેની પીઠ થાબડી હતી? જેના કાર્યની પ્રશંસા કરીએ છીએ તેના કાર્યને તેની હાજરીમાં કદી બિરદાવ્યું હતુ કે? જેમની સાથે ગાઢ સંબંધોનો, સ્નેહનો દાવો કરીએ છીએ તેને દુઃખ અને મુશકેલીમાં કદી સાથ આપ્યો હતો કે? તો પછી આ દંભ અને દેખાવટ શા માટે? મૃત્યુ પછી સ્વર્ગસ્થની નનામીને ખભો આપવા માટે પડાપડી થાય છે. પરંતુ માણસ જીવતો તો ત્યારે જરાક ખભો આપ્યો હોત તો એ માણસનું જીવન સુધરી જાત પ્રશંસાના બે શબ્દો વેર્યા હોત તો તેની છાતી ગજગજ ફુલી જાત. દંભી દુનિયામાં રહેતા આપણે લોકો જે નથી તેનો વસવસો કરીએ છીએ અને જે છે તેની અવગણના કરીએ છીએ.

સુખમાં સૌ કોઇ સાથી દુઃખમાં ન કોઇ. સુખ, ધન, વૈભવ અને ચડતી હોય ત્યારે પારકાઓ પણ પોતાના થઇ જાય છે અને જયારે સુખનો સૂરજ ફરે છે ત્યારે લોકોની આંખ પણ ફરી જાય છે. દુઃખ આવે, મુશ્કેલી પડે, માણસ ધંધે-પૈસે ટકે ખલાસ થઇ જાય ત્યારે તેની પાસે કોઈ ફરકતું નથી. ઊંચા આસને બેસતો માણસ પૈસા વગરનો બની જાય એટલે કોઇ ભાવ પૂછતું નથી સગા સંબંધીઓ, કહેવાતા મિત્રો અને શુભેચ્છકો રાતોરાત અદશ્ય થઇ જાય છે સુખનો આનંદ એકલા માણી શકાતો નથી. અને દુઃખ ટોળામાં વહેંચી શકાતું નથી માણસને કોઇ પૂજતું નથી તેના પૈસાને સૌ કોઇ પૂજે છે. દુઃખ આવે ત્યારેજ માણસની કસોટી થાય છે અને ત્યારે જ ખબર પડે છે કોણ આપણું છે અને કોણ પરાયું છે.

સારૂં ભલાઇનું કામ કરવામાટે કોઇનીગરજ જોવાની નથી. તેની શરૂઆત આપણા પોતાનાથી જ થવી જોઇએ. આપણને જે સારૂં લાગે તે કરતા રહેવું જોઇએ. તેમાં નફા તોટાનો હિસાબ ગણાય નહીં. તે કરવાથી જે આનંદ મળેછે તેની કિંમત આંકી ન શકાય તેવી હોય છે. અમેરિકાના એક શહેરની વાત છે. ત્યાં એક પુલને ક્રોસ કરવા માટે એક ડોલરનો ટોલ આપવો પડતો હતો. એક યુવતીએ દસ ડોલર આપ્યા અને કહ્યું પાછળ આવતો નવ ગાડીઓ પાસેથી પૈસા ન લેતા. એ નવ ગાડીમાના એકને વિચાર આવ્યો કે જે વ્યકિત મને ઓળખતી પણ નથી તે સન્નારીએ શામાટે મારા પૈસા આપ્યા! કોઈ સ્ત્રીએ કારણવગર દાખવેલી ભલાઈથી તે ગદ્દગદિત થઇ ગયો એણે વિચાર્યું મારે પણ કંઇક કરવું જોઇએ અને તેણે પણ વગર સ્વાર્થે, વગર કારણે ભલાઇનું કામ શરૂ કરી દીધું ભલાઈ અને પરોપકારનો પડઘો પડયા વગર રહેતો નથી.

એકવાર સમ્રાટે મહાન ચિંતક કન્ફયુશિયસને પ્રશ્ન પૂછયો આ દુનિયામાં મહાન કોણ? કન્ફયુશિયસે કહ્યું આપ મહાન છો.

સમ્રાટે કહ્યું કેવી રીતે મહાન કન્ફયુશિયસે કહ્યું સત્યને જાણવાની જિજ્ઞાસા કરી એટલે તમે મહાન.

રાજાએ ફરી પૂછ્યું મારા કરતા કોણ મહાન? કન્ફયુશિયસે કહ્યું 'હું' તમે કેવી રીતે? 'મને સત્ય પ્રિય છે તેથી.'

રાજાએ ફરી પૂછ્યું તો તમારા કરતાં મહાન કોણ? આ પ્રશ્ન સાંભળીને કન્ફયુશિયસ ઉભા થઈ ગયા અને રાજાને કહ્યું અહીં આવો અને આ બારીમાં નજર કરો. બગીચામાં ફાટેલ કપડાં, વૃદ્ધાવસ્થા અને તડકામાં એક સ્ત્રી કામ કરી રહી હતી. બગીચો બનાવી રહી હતી કન્ફયુશિયસે કહ્યું આ બગીચો બનાવી રહી છે એ ડોશી મારા-તમારા કરતા પણ મહાન છે. એને શું સ્વાર્થ છે? બગીચાના ફળો એને કયાં ખાવાના છે? એનું શરીર એટલુ જીર્ણ થયું છે ઘસાઈ ગયું છે છતાં બીજાને માટે તે કેટલી ઘસાય છે. આ દુનિયામાં તે જ મહાન છે જે બીજા માટે ઘસાયછે, બીજા માટે પોતાનાથી બનતુ બધુકરી છુટે છે ભલાઈ. પરોપકાર કદી એળે જતો નથી. જીવનમાં ભલે ગમે તેટલા ફાંફા મારીએ અને મથામણ કરીએ પરંતુ છેવટે બધુ રાખ બની જવાનું છે, જગતમાં ફકત ભલાઇ જ રહીજાય છે. એ સિવાય બધુ નાશ પામે છે. બીજામાટે પ્રેમ અને સ્નેહ જીવનની જડીબુટ્ટી છે. પ્રેમએ ઇશ્વરનું શ્રેષ્ઠ વરદાન છે.

**નોંધ :** મુંબઈ સમાચારના જિનદર્શન વિભાગમાંથી સાભાર. (તા. ૮-૧૨-૯૬)

For Private And Personal Use Only